# જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા ૩૮મા સ્થાપના દિનની ઉજવણી




જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા રવિવારે પોતાના ૩૮મા સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આયોજિત આ અંગેના એક સમારોહમાં જૈન સોશ્યલ ગૃપ, ગુજરાત રિજન ચેરમેન અભયભાઈ નાહર, મુખ્યમંત્રીના સલાહકાર અને આઈએઍસ અધિકારી એ બી પંચાલ, માર્ગ અને મકાન વિભાગના મુખ્ય ઈજનેર ઍસ કે પટેલ, ભારતીય જૈન સંગઠન, ગુજરાતના અધ્યક્ષ કેતનભાઈ મહેતા અને સિન્ટેક્ષ ગૃપ ઓફ કંપનીના ગૃપ હેડ કોર્પોરેટ અફેર્સ જૈમિનભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગૃપના ૪૦૦થી પણ વધુ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય બાદ જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગરના પ્રમુખ મધુસૂદન વોરા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. તેમણે ફક્ત ત્રણ માસના ટૂંકા ગાળામાં ચાલુ વર્ષે ૧૧ સેવાકાર્યો કર્યાની વિગતો ઉપલબ્ધ કરાવી હતી અને ભાવિ કાર્યક્રમોની રૂપરેખા પણ આપી હતી. આ પ્રસંગે સ્થાપક પ્રમુખ સૂર્યકાંત મહેતા, સ્થાપક સભ્ય જે બી શાહ, બિરેનભાઈ શાહ અને પ્રવીણભાઈ દોશીનું સજોડે સન્માન કરવામાં આવ્યું હતું. અભય નાહર, જવારભાઈ મહેતા અને જ્યોત્સ્નાબેન મહેતા દ્વારા બે દિવ્યાંગોને ટ્રાયસીકલ દાનમાં આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગરની ભગિની સંસ્થા સંગીની ફોરમનાં સભ્ય બહેનો પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમના બીજા ભાગમાં ખ્યાત હાઉસી મેનેજર જેનીફર કાપડિયા દ્વારા બે રાઉન્ડ હાઉસીની રમત રમાડવામાં આવી હતી. દરેક રાઉન્ડમાં દસ હજારનાં ઈનામો રાખવામાં આવ્યાં હતાં.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પૂર્વ પ્રમુખ અને રિજન કો-ઓર્ડિનેટર હિતેષભાઈ કોઠારી દ્વારા, આભારવિધિ સંસ્થાના સૅક્રેટરી ભરતભાઈ કોટડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



વિરાજ વિનોદભાઈ મેણાત




દિવ્ય પટેલ



તીર્થ સંજયભાઈ ચુડાસમા
મો. ૯૮૯૮૦ ૭૦૬૬૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક


# ગાંધીનગરનું ગૌરવ ‘ક્લેટ’માં ઝળક્યું



મેઘા યાદવ



મેઘા હુરકત



આર્જવ શાહ

પાટનગરની દીકરી મેઘા યાદવે રાષ્ટ્રીયસ્તરની પરીક્ષા CLAT (સીએલએટી) કે જેનાથી ભારતભરમાં પ્રતિષ્ઠિત એવી નેશનલ લૉ યુનિવર્સિટી (એનએલયુ)માં પ્રવેશ મળી શકે છે, તેમાં ગાંધીનગરમાં ટોપ કર્યું છે. ગાંધીનગર અને સમગ્ર ગુજરાતની દીકરીઓ માટે માટે મેઘાએ ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. અન્ય વિદ્યાર્થીઓએ પણ સીએલએટીમાં રેન્ક લાવી એનએલયુમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

# લાયન્સ, લીયો, લાયોનેસ ક્લબનો શપથવિધિ સમારોહ



ગાંધીનગર લાયન્સ, લાયોનેસ અને લીયો ક્લબના વર્ષ ૨૦૧૯-૨૦ માટે નવા વરાયેલા પ્રમુખ તથા સભ્યોનો શપથવિધિ સમારોહ સ્કૂલ ઑફ અચિવર, કુડાસણ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે પાસ્ટ ડિસ્ટ્રીક્ટ ગવર્નર ધર્મેશ સોની દ્વારા રાજેશ ગૌડા, દક્ષા જાદવ તથા મોહિત જયસિંઘાણીને પ્રમુખ તરીકે, રશ્મિનસિંહ વાઘેલા, રીટાબેનને મંત્રી તરીકે તથા ત્રણેય ક્લબના બોર્ડ ઓફ ડિરેક્ટર્સને શપથ લેવડાવ્યા હતા. આ સમારોહમાં ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર રીટાબેન પટેલ અને ગાંધી આશ્રમ ટ્રસ્ટના પ્રમુખ જયેશભાઈ પટેલ, અન્ય સંસ્થાઓના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બોર્ડની પરીક્ષામાં કંગાળ દેખાવ કરનારી શાળાઓ સામે પગલાં શરૂ

ગાંધીનગર, તા. ૧૮

બોર્ડની પરીક્ષામાં કંગાળ દેખાવ કરનારી સ્કૂલના આચાર્ય અને શિક્ષકો સામે હવે પગલાં ભરવામાં આવી રહ્યા છે. અમદાવાદમાં ત્રણ વર્ષથી સતત ૩૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી શાળાના આચાર્યોના ઈજાફા અટકાવવાનો નિર્ણય લેવાયો છે. ઉપરાંત, જે-તે વિષયમાં સતત ત્રણ વર્ષથી પરિણામ ૩૦ ટકા કરતા ઓછું આવતું હોય તેવા શિક્ષકોનો પણ એક ઈજાફો અટકાવવામાં આવ્યો છે. શહેરની ૧૬ શાળાનું છેલ્લા ત્રણ વર્ષનું પરિણામ ૩૦ ટકા કરતા ઓછું હોવાથી આચાર્યનો એક ઈજાફો અટકાવાયો છે. શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષા દરમિયાન જે શાળાનું પરિણામ ૩૦ ટકા કરતા ઓછું આવતું હોય છે તેવી શાળા પર ધ્યાન આપી પરિણામ સુધરે તે માટેના પ્રયાસો કરવામાં આવે છે. જેમાં અગાઉ સારું પરિણામ ધરાવતી શાળા ઓછું પરિણામ ધરાવતી શાળાને દત્તક લઈ પરિણામ સુધારવા માટે પ્રયાસ કરાય છે. આ પ્રયાસો બાદ પણ શાળાનું પરિણામ ન સુધરે તો બોર્ડ દ્વારા લાલઆંખ કરી પગલાં ભરવામાં આવે છે.

# ‘કાવ્યરસ’માં ગાંધીનગર જિલ્લાના પાંચ કવિ





ગાંધીનગર, તા. ૧૮

વિશ્વ યોગ દિવસ નિમિત્તે સાંજે જીટીપીએલ ગુજરાતી ચેનલના પ્રખ્યાત કાર્યક્રમ ‘કાવ્યરસ’માં ગાંધીનગર જિલ્લાના પાંચ કવિઓને સ્થાન મળ્યું છે.

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત ‘સ્વજન’, બાબુભાઈ નાયક, અનંત પટેલ અને બાબુદાન ગઢવી સ્વરચિત કવિતાઓનું પઠન કરશે. કાર્યક્રમનું સંચાલન શૈલેષ પંડ્યા ‘ભીનાશ’ દ્વારા કરવામાં આવશે.

તા. ૨૧મી જૂનના રોજ સાંજે ૬.૩૦ કલાકે કાર્યક્રમ પ્રસારિત થશે, જેનું પુનઃ પ્રસારણ ૨૨ જૂનના રોજ સાંજે ૬.૩૦ કલાકે કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે કાવ્ય મહેફિલનો આ કાર્યક્રમ ‘કાવ્યરસ’ સાહિત્યપ્રેમીઓમાં ખૂબ પ્રસિદ્ધિ પામેલો છે.




ગાંધીનગર, તા. ૧૮

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા ફિલ્મ દિગ્દર્શક સંદીપ પટેલ, નિર્માતા સંજય શાહ ‘જેકી’ના સહયોગથી આત્મા હૉલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે નાટ્યકાર, વિવેચક, બાળ સાહિત્યકાર જનક દવેના ૯૦મા જન્મદિન પ્રસંગે ‘શબ્દજયોતિ’ શીર્ષક હેઠળ સાહિત્યસફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સાહિત્યકાર જનક દવેએ પોતાનાં જીવન-કવન વિશે વકતવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક’શ્વેત’ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જનક દવેના પુત્ર કાર્તિક દવે અને અન્ય કુટુંબીજીનો તેમજ ગુજરાત કોલેજ નાટ્યવિદ્યા વિભાગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ભાર્ગવ ઠક્કર, જિષ્ણુ ભટ્ટ, રાજીવ ચૌહાણ, ઉત્પલ મોદી, કિરણ જોશી, રાગી જાની, સુનીલ સુથાર, નાટ્યપ્રેમીઓ, સાહિત્યકારો વસુબેન ભટ્ટ, નિરુપમ નાણાવટી, સતીશ વ્યાસ, વિજય પંડયા, અદિતિ દેસાઈ, દલપત પઢીયાર, યશવંત મહેતા, સુભાષ બ્રહ્મભટ્ટ, વિપુલ આચાર્ય, સુભાષ ભટ્ટ, ધીરેન અવાસીયા, પુનિત મોઢા, રાવજી સોંદરવા, પ્રશાંત રાવલ, મહેશ ડાભી, નિહારિકા આચાર્ય, પ્રદીપ શાહ, જગદીશ શાહ, માધવી પંડયા, અનિલ વશિષ્ઠ, મનુભાઈ શાહ, દીપ્તિ જોશી, શૈલેન્દ્ર વાઘેલા, બિનીત મોદી ઉપસ્થિત રહ્યા હતા. જાહેર જનતા માટે આ કાર્યક્રમ નિઃશુલ્ક યોજવામાં આવ્યો હતો.

# બી. કે. સ્કૂલના પ્લેસમેન્ટમાં વિદ્યાર્થીઓને સરેરાશ ૫.૦૬ લાખના પેકેજ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલી બી.કે.સ્કૂલના પ્લેસમેન્ટમાં વિદ્યાર્થીને મહત્તમ ૭ લાખનું પેકેજ મળ્યું છે. હાલની બેચના ૮૧ વિદ્યાર્થીઓ પૈકી ૬૮ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટમાં જોબ મળી છે જ્યારે અન્ય વિદ્યાર્થીઓ બિઝનેસ તથા ઓફ કેમ્પસ જોબ મળી હોવાથી ઈન્સ્ટિટ્યૂટનું ૧૦૦ ટકા પ્લેસમેન્ટ થયું છે. પ્લેસમેન્ટમાં ૧૬૦ જેટલી કંપનીઓએ ભાગ લીધો હતો અને તેમાંથી ૨૫ જેટલી કંપનીઓએ વિદ્યાર્થીઓને જોબ આપી છે. વિદ્યાર્થીઓનું સરેરાશ પેકેજ રૂપિયા ૫.૦૬ લાખનું છે.

ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલી બી. કે. સ્કૂલ ઓફ પ્રોફેશનલ એન્ડ મેનેજમેન્ટ સ્ટડીઝની ૨૦૧૭-૧૯ની એમબીએ બેચનું ૧૦૦ ટકા પ્લેસટમેન્ટ થયું છે. હાલમાં અંતિમ વર્ષમાં ૮૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, જેમાંથી ૬૮ વિદ્યાર્થીઓએ પ્લેસમેન્ટમાં સારી જોબ મેળવી છે. જ્યારે બાકીના વિદ્યાર્થીઓએ બિઝનેસમાં જવાનું, સરકારી નોકરી માટે એપ્લાય કર્યુ હોવાથી તેમજ ઓફ કેમ્પસ જોબ મળી હોવાથી પ્લેસમેન્ટમાં ન હતા. આમ, બેચના તમામ વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ થયું હોવાનો દાવો ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કરવામાં આવ્યો છે. કેમ્પસ પ્લેસમેન્ટમાં જોબ મેળવનારા વિદ્યાર્થીઓએ બેન્કિંગ, ફાઈનાન્સ, આઈટી, કન્સ્લટન્સી ફર્મ, કન્ઝ્યુમર ગુડ્સ કંપની, પાવર સેક્ટર, ફાર્મા સેક્ટર, ઓનલાઈન સર્વિસ સેક્ટર, કેમિકલ, મીડિયા સેક્ટર, ઈન્સ્યોરન્સ કંપનીઓ પર પસંદગી ઉતારી છે. કેમ્પસ પ્લેસમેન્ટમાં ૧૬૦ કરતા વધુ કંપનીઓ આવી હતી અને વિદ્યાર્થીઓની મુલાકાત લીધી હતી. જેમાંથી ૨૫ જેટલી કંપનીઓમાં વિદ્યાર્થીઓએ જોબ મેળવી છે. વિદ્યાર્થીઓએ જે કંપનીઓમાં જોબ મેળવી છે તેમાં એચડીએફસી ગ્રૂપ, ટીસીએસ, ટોરેન્ટ ગ્રૂપ, આઈસીઆઈસીઆઈ ગ્રૂપ, ગૃહ ફાઈનાન્સ, અદાણી ગ્રૂપ, પીરામલ ગ્રૂપ, કેપિટલ ફર્સ્ટ, હેવલ્સ, કોટક ગ્રૂપ, એચડીબી ફાઈનાન્સ વગેરે કંપનીનો સમાવેશ થાય છે. પ્લેસમેન્ટમાં વાર્ષિક રૂપિયા ૭ લાખનું હાઈએસ્ટ પેકેજ વિદ્યાર્થીને મળ્યું છે. જ્યારે સરેરાશ પેકેજ ૫.૦૬ લાખનું છે. લગભગ ૮૫ ટકા જેટલા વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ માર્ચ-૨૦૧૯માં જ થઈ ગયું હતું. જ્યારે હાલમાં તમામ વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ થઈ ગયું હોવાનો કોલેજ દ્વારા દાવો કરાયો છે.

# ગુજ. યુનિ. સિન્ડીકેટની ૧૦ બેઠકો પર ઉમેદવારો બિનહરીફ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત યુનિવર્સિટીમાં આગામી તા. ૨૪મીએ યોજનારી સિન્ડીકેટની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ પાછા ખેંચવાનો રવિવારે છેલ્લો દિવસ હતો. સત્તાવાર રીતે ફોર્મ પાછા ખેંચવા માટે સાંજે ૪ વાગ્યાનો સમય આપવા છતાં મોડી રાતે ૮-૩૦ કલાક સુધી તમામ બેઠકો સમરસ કરવા માટે કવાયત હાથ ધરાઈ હતી. મેરથોન કવાયત પછી બાકીની તમામ કેટેગરીમાં સમરસ કરવામાં સફળતા મળી હતી. પરંતુ જનરલ કેટેગરીમાં સહમતી ન સધાતા છેલ્લી ઘડી સુધી દોડધામ ચાલુ રહી હતી. જનરલ કેટેગરીની ત્રણ બેઠકો માટે છ ઉમેદવારો મેદાનમાં હોવાથી ચૂંટણી થશે. યુનિવર્સિટીમાં સિન્ડીકેટની કુલ ૧૩ બેઠકો માટે ચૂંટણી જાહેર કરવામાં આવી છે. જે પ્રમાણે તા. ૨૪મીએ મતદાન થવાનું છે. કુલ ૧૩ બેઠકો માટે ૨૩ ઉમેદવારો મેદાનમાં હતા. જે પૈકી બે ઉમેદવારોના ફોર્મ રદ થતાં છેલ્લે ૨૧ ઉમેદવારો રહ્યા હતા. આજે ફોર્મ પરત ખેંચવાનો છેલ્લો દિવસ હતો. જેમાં કોંગ્રેસ અને ભાજપ તરફી ઉમેદવારોએ સવારથી લઈને રાતે ૮ વાગ્યા સુધી જુદા જુદા પ્રતિસ્પર્ધી ઉમેદવારોને ફોર્મ પાછા ખેંચાવવા માટે મહેનત કરી હતી. સરકારમાંથી મેન્ડેટ આવતાં કેટલાક ઉમેદવારોએ જુદી જુદી કેટેગરીમાંથી ફોર્મ પરત ખેંચવાની તૈયારી દર્શાવી દીધી હતી. જેના પરિણામ સ્વરૂપ જનરલ કેટેગરી સિવાય તમામ કેટેગરીમાં બેઠકો જેટલા જ ઉમેદવારો રહેતાં હવે મતદાન પ્રક્રિયા કરવાની રહેતી નથી તે સ્પષ્ટ થઈ ચુક્યું છે. જનરલ કેટેગરીમાં ફોર્મ પરત ખેંચવાનો સમય પૂર્ણ થવા છતાં સભ્યોને મનાવવા માટે ગાંધીનગરથી ફોન ચાલુ રહ્યા હતા. સભ્યો કહે છે સરકાર દ્વારા સિન્ડીકેટની ચૂંટણીનું મોનિટરિંગ થવું જોઈએ તે ન થતાં છેલ્લી ઘડી સુધી કયા સભ્યો ફોર્મ પાછું ખેંચશે અને કયા લડશે તે નક્કી નહોતું. કેટલાક સભ્યોએ ફોર્મ પાછું ખેંચવા સ્પષ્ટ ઈન્કાર કરી દેતાં આખરે જનરલ કેટેગરીમાં ચૂંટણી કરવી પડે તેવી સ્થિતિ ઊભી થઈ હતી. અત્યાર સુધીમાં (૧) યુનિવર્સિટીના વિદ્યાભવનોના પ્રોફેસરની બે બેઠકો (૨) સંલગ્ન કોલેજના આચાર્યની ત્રણ બેઠકો (૩) યુનિવર્સિટીના વિદ્યાભવનના શિક્ષકો હોય તેવા ઉમેદવારોની એક બેઠક (૪) આચાર્ય સિવાયના શિક્ષક હોય તેવા સભ્યોની ૩ બેઠક અને (૫) સંચાલક મંડળની એક બેઠક માટે એક-એક ઉમેદવાર રહેતા આ તમામ બેઠકો બિનહરીફ થઈ ચૂકી છે. જશવંત ઠક્કર, દિગ્વિજયસિંહ ગોહિલ, ડો. મહેશ પટેલ, પી.કે. ગજ્જર, વનરાજસિંહ ચાવડા, આર. આર. શાહ, નિરજા અરુણ, હરેશ વાઢેલ, દેવાંગ નાણાવટી, જગદીશ જોષી બિનહરીફ ચૂંટાયા છે.


જનરલ કેટેગરીની કુલ ત્રણ બેઠકો માટે છ ઉમેદવારો મેદાનમાં છે. આ ઉમેદવારોમાં પંકજ શુક્લા, સતીશ પટેલ, કૌશિક જૈન, ધ્રુમિલ પટેલ અને ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, હસમુખ ચૌધરીનો સમાવેશ થાય છે.

# ગાંધીજીનો વિનોદ

॥ ૬૧મો મણકો ॥

### ૧૫૬ - માર્કમાં મીંડું

એક વાર દિલીપકુમાર રૉય ગાંધીજીને મળવા અમદાવાદ આવ્યા હતા. ગાંધીજી ત્યારે જાણીતા મિલમાલિક અને મિત્ર શેઠ શ્રી અંબાલાલ સારાભાઈને ત્યાં રહેતા હતા. ગાંધીજીને તેઓ મળ્યા ત્યારે હળવી મજાક અને ઠઠ્ઠામશ્કરી ચાલી. વાતચીતમાં શેઠ શ્રી અંબાલાલે કહ્યું કે ખાદીના પ્રચાર માટે રેંટિયાની સગવડ અને ઉપયોગિતા વિશે એક નિબંધસ્પર્ધાના પરીક્ષક તરીકે મને નીમવામાં આવ્યો હતો. એક વિદ્યાર્થીએ શું લખ્યું તે કહું, મહાત્માજી !




એ એક મોટી મજાક છે. તેમણે લખ્યું કે તમે આ દેશના સૌથી મોટા અર્થશાસ્ત્રી છો.

પણ તમે એમને કેટલા માર્ક આપ્યા ?

ગાંધીજીએ ગમ્મત કરતાં પૂછ્યું.

શ્રી અંબાલાલ : તેને મીંડું જ મળે ને !

એ સાંભળી ગાંધીજી ખડખડાટ હસી પડ્યા.

### ૧૫૭ - આશ્ચર્યમુગ્ધ વાઇસરોય

બીજું વિશ્વયુદ્ધ ચાલી રહ્યું હતું. તે સમયે ગાંધીજી હિંદના વાઈસરૉય લૉર્ડ લિનલિથગોને મળવા ગયા હતા. વાતચીત દરમિયાન ગાંધીજીએ એક સૂચન કર્યું કે હિટલરનો સામનો નૈતિક બળથી કરવો જોઈએ અને બ્રિટને શસ્ત્રત્યાગ કરવો જોઈએ.

આવું વિલક્ષણ સૂચન સાંભળી વાઈસરૉય આશ્ચર્યચકિત થઈ તત્કાલ મૂંગા થઈ ગયા. તેમને કલ્પના જ નહીં કે ગાંધીજી આવું સૂચન કરશે. થોડી વાતો પછી ગાંધીજીએ વિદાય લીધી. સામાન્ય રીતે મહેમાન વિદાય થાય ત્યારે તેમના એડીસી મોટરકાર સુધી મહેમાનને વળાવવા જાય એવો રિવાજ હોય છે. પણ મૂંઝાયેલા વાઈસરૉય ઘંટડી વગાડી એડીસીને બોલાવવાનું પણ ભૂલી ગયા !

ત્યાર પછી મૌલાના અબુલ કલામ આઝાદ ગાંધીજીને મળવા આવ્યા ત્યારે તેમણે આ પ્રસંગ કહી આશ્ચર્ય વ્યક્ત કર્યું કે તેઓ સામાન્ય શિરસ્તો પણ કેમ ભૂલી ગયા ?

મૌલાના આઝાદે આ પ્રસંગનું એવું અર્થઘટન કર્યું કે,

તમારા સૂચનથી વાઈસરૉય એટલા બધા આશ્ચર્યમુગ્ધ બની ગયા કે સામાન્ય શિષ્ટાચાર પણ તે ભૂલી ગયા.

મૌલાનાનું આ અર્થઘટન સાંભળી ગાંધીજી ખડખડાટ હસી પડ્યા.



‘ગાંધીજીનો વિનોદ’ પુસ્તકમાંથી સાભાર